CHIPS
Express
પરદેશ પાર્સલ સેવા
www.chipsairexp.com
chipsgnd@gmail.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૭૧ | ૧૩ ડિસેમ્બર, ૨૦૧૯, શુક્રવાર; માગશર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પૂર્વોત્તર રાજ્યોમાં હિંસક દેખાવો

**નાગરિકતા સુધારા બિલ મુદ્દે આસામમાં સ્થિતિ વણસી : સંચારબંધી અમલી : ૧૦ જિલ્લામાં ઇન્ટરનેટ સેવા બંધ, પોલીસ કમિશનર હટાવાયા : ભાજપ-આસામ ગણ પરિષદના નેતાઓના આવાસ ઉપર તથા સંઘની ઓફિસ પર હુમલાઓ : દેખાવકાર પર ગોળીબાર : પરીક્ષાઓ અને ફ્લાઇટ રદ થઇ**



ગુવાહાટી, તા. ૧૨

નાગરિક સુધારા બિલ સંસદમાં પાસ કરવામાં આવ્યા બાદ આની સામે જોરદાર દેખાવો દેશના કેટલાક ભાગોમાં જારી છે. આજે આસામ અને ત્રિપુરાના કેટલાક ભાગોમાં સંચારબંધી લાગુ કરવાની ફરજ પડી હતી. વિસ્ફોટક સ્થિતિ વચ્ચે આજે ગુવાહાટીમાં લોકોએ સંચારબંધીનો ભંગ કર્યો હતો. રાજ્યમાં વિસ્ફોટક સ્થિતિ વચ્ચે સેનાએ ફ્લેગમાર્ચ કરીને વિશ્વાસ જગાવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ અધિકારીઓની બદલીઓનો દોર પણ શરૂ થયો છે. પોલીસ કમિશનરને દૂર કરવામાં આવ્યા છે. હિંસાને રોકવા માટે પોલીસને ઘણી જગ્યાએ ગોળીબાર કરવાની ફરજ પડી હતી. ગુવાહાટીમાં પોલીસ કમિશનર દિપકકુમારને દૂર કરવામાં આવ્યા છે તેમની જગ્યાએ મુન્નાપ્રસાદ ગુવાહાટીના નવા પોલીસ કમિશનર બન્યા છે. બીજી બાજુ આસામના એડિશનલ પોલીસ મહાનિર્દેશક મુકેશ અગ્રવાલને એડીજીપી (સીઆઈડી) તરીકે બદલી દેવામાં આવ્યા છે. ઈન્ટરનેટ ઉપર પ્રતિબંધ મુકાયો છે. આજે પોલીસને ગોળીબાર કરવાની પણ ફરજ પડી હતી. ભાજપના નેતાઓના આવાસ ઉપર પણ હુમલા કરવામાં આવ્યા હતા. ભાજપ અને આસામ ગણ પરિષદના નેતાઓના આવાસ પર હુમલા કરાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## મોડીસાંજે રાજ્યના ૩૦ સનદી અધિકારીઓની બદલીના હુકમો

ગાંધીનગર, તા.૧૨

રાજ્ય સરકારે વિધાનસભાનું શિયાળુ સત્ર સંપન્ન થતાં જ ૩૦ જેટલા સનદી અધિકારીઓની બદલી અને બઢતીના હુકમો આજે મોડીસાંજે કર્યા છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કરાયેલ બદલીના હુકમોમાં સમાજ કલ્યાણના સચિવ મનોજ અગ્રવાલને ગ્રામ વિકાસ કમિશનર તરીકે, ગ્રામ વિકાસ કમિશનર એસ. જે. હૈદરને એસ.ટી. નિગમના મેનેજીંગ ડિરેક્ટર તરીકે નિમણુંક આપી છે. અમદાવાદના ડેપ્યુટી કમિશનર બચાણીને જી.આઈ.ડી.સી.ના સંયુક્ત મેનેજીંગ ડિરેક્ટર તરીકે નિમણુંક આપવામાં આવી છે.

| નામ | હાલનો હોદ્દો | નવી જગ્યા |
|---|---|---|
| શ્રીમતી સુનયના તોમર | અગ્ર સચિવ વાહન વ્યવહાર | અગ્ર સચિવ ઉદ્યોગ વિભાગ |
| કમલ દયાની | અગ્ર સચિવ સામાન્ય વહીવટ | વધારાનો હવાલો વાહન વ્યવહાર |
| એસ. જે. હૈદર | કમિશનર ગ્રામ વિકાસ | મેને. ડિરેક્ટર એસ.ટી. નિગમ |
| મનોજ અગ્રવાલ | અગ્ર સચિવ સામાજીક ન્યાય | કમિશનર ગ્રામ વિકાસ |
| સોનલ મિશ્રા | મેને. ડિરેક્ટર એસ.ટી. નિગમ | અગ્ર સચિવ નર્મદા-પાણી પુરવઠા |
| દિલીપ રાણા | કલેક્ટર આણંદ | કમિશનર આદિજાતિ વિભાગ |
| એમ. નાગરાજ | કલેક્ટર કચ્છ-ભૂજ | કમિશનર ઉચ્ચ શિક્ષણ |
| રજનીશ કુમાર | કમિશનર આદિજાતિ | કમિશનર એમ.એસ.એમ.ઈ |

● અનુસંધાન પાન-૭ પર

# નાગરિકતા બિલનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં

**મુસ્લિમ લીગ દ્વારા અરજી દાખલ કરવામાં આવી : મુસ્લિમ લીગ સહિત બિલનો વિરોધ કરનારા તમામ પક્ષો ધાર્મિક આધાર પર બિલને વિભાજનકારી ગણે છે**

નવીદિલ્હી, તા. ૧૨

નાગરિક સુધારા બિલ ૨૦૧૯ની બંધારણીયતાને લઈને મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે. કેરળના રાજકીય પક્ષ ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી છે. રિટ પિટિશન દાખલ કરીને બિલને પડકાર ફેંકવામાં આવ્યો છે. મુસ્લિમ લીગ સહિત વિરોધ કરનાર તમામ રાજકીય પક્ષો આને ધાર્મિક આધાર પર વિભાજનકારી ગણાવી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે રાજ્યસભામાં ચર્ચાસ્પદ નાગરિક સુધારા બિલને બુધવારે લાંબી ચર્ચા ચાલ્યા બાદ લીલીઝંડી મળી ગઈ હતી. આની સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે વધુ એક મોટી સિદ્ધિ અને મોટી સફળતા હાંસલ કરી લીધી હતી. ભારે ચર્ચા અને વિવાદ જગાવનાર બિલ રાજ્યસભામાં

● અનુસંધાન પાન-૭ પર

## એન્કાઉન્ટર મામલામાં તપાસ પંચની રચના

નવીદિલ્હી, તા. ૧૨

સુપ્રીમ કોર્ટે હૈદરાબાદ એન્કાઉન્ટરની ન્યાયિક તપાસ માટેના આદેશ આપીને એક તપાસ પંચની રચના કરી દીધી છે. મામલાની સુનાવણી કરતી ચીફ જસ્ટિસ એસએ બોબડે, જસ્ટિસ એસ અબ્દુલ નઝીર અને જસ્ટિસ સંજીવ ખન્નાની બેંચે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જસ્ટિસ વીએએસ શિરપુરકરના નેતૃત્વમાં ત્રણ સભ્યોવાળા તપાસની રચના કરી દીધી છે. એન્કાઉન્ટરની તપાસ માટે બનાવવામાં આવેલા પંચની ઓફિસ હૈદરાબાદમાં રાખવામાં આવશે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં કહ્યું છે કે, ત્રણ સભ્યોની તપાસ ટીમને છ મહિનાની અંદર રિપોર્ટ આપવા માટે સૂચના આપવામાં આવી છે. પંચનો ખર્ચ તેલંગાણા સરકારને ઉપાડવા માટે કહેવામાં આવ્યું છે. પંચના અન્ય બે સભ્યોમાં એક મુંબઈ હાઈકોર્ટના પૂર્વ જજ રેખા છે જ્યારે બીજા પૂર્વ સીબીઆઈ ડિરેક્ટર ડીઆર કાર્તિકેય છે. મામલાની સુનાવણી કરતી વેળા ચીફ જસ્ટિસ બોબડેએ કહ્યું હતું કે, લોકોને આ અથડામણના સંદર્ભમાં વાસ્તવિકતા જાણવાનો અધિકાર છે.

# ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદ

**ઉત્તર ગુજરાત સહિત સૌરાષ્ટ્ર, કચ્છના અનેક વિસ્તારોમાં કરા સાથે વરસાદ થતાં ચિંતાનું મોજુ ફેલાઈ ગયું : રાજ્યના અનેક ભાગોમાં ભારે વરસાદ અને પવનના પરિણામે વૃક્ષો ધરાશાયી અંબાજી, દાતા, ધાનેરા, થરાદ સહિત વિસ્તારોમાં માવઠું : હવામાનમાં પલટો**



ગાંધીનગર, તા.૧૨

ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતના જુદા જુદા ભાગોમાં એકાએક હવામાનમાં આવેલા પલટા વચ્ચે આજે ધોધમાર વરસાદ પડ્યો હતો જેના કારણે જનજીવન ઉપર પણ અસર થઈ હતી. કેટલાક વિસ્તારોમાં તો એક ઈંચ કરતા વધુ વરસાદ પડી ગયો હતો. કરા સાથે વરસાદ પણ ઘણી જગ્યાએ પડ્યો હતો. મહેસાણા, પાટણ, અન્યત્ર વિસ્તારોમાં કરા સાથે વરસાદ થયો હતો. દિયોદર પંથકમાં કરા સાથે વરસાદ થયો હતો. સતત વરસાદના કારણે ઘણી જગ્યાએ ખેતરોમાં પણ પાણી ભરાઈ ગયા હતા.

સુઈ ગામમાં કરા સાથે વરસાદ નોંધાયો હતો. બનાસકાંઠાના જુદા જુદા ભાગોમાં પણ ભારે વરસાદ થયો હતો. ખેડૂતોની ચિંતામાં એકાએક વધારો થયો છે. કરા અને વાવાઝોડા સાથે સરહદી સુઈ ગામ પંથકમાં છેવાડાના વિસ્તારોમાં સૌથી વધારે આફત સર્જાઈ હતી. ગોલપ, નેસડા, પાડણ, રડોસણ, મેઘપુરા, ભરડવા, મમાણા સહિતના ગામોમાં કરા સાથે વરસાદ થયો હતો. હવામાન વિભાગના કહેવા મુજબ તીવ્ર પવન ફુંકાઈ શકે છે. હળવા વરસાદી ઝાપટા પણ પડી શકે છે. દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન પર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ સર્જાઈ છે.

જમ્મુ-કાશ્મીરમાં સર્જાયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે સૌરાષ્ટ્ર-કચ્છ અને બનાસકાંઠા સહિતના પંથકોના હવામાનમાં નોંધપાત્ર પલ્ટો નોંધાયો છે. જેના કારણે બનાસકાંઠા જિલ્લાના અંબાજી તથા કચ્છ નખત્રાણા, લખપત અને અબડાસાના ઘણા વિસ્તારમાં આજે કમોસમી માવઠા અને વરસાદના કારણે લોકોમાં ભારે આશ્ચર્ય સાથે ભરશિયાળે ચોમાસાનો અનુભવ થયો હતો. કમોસમી વરસાદના કારણે આ પંથકોમાં માર્ગો અને રસ્તાઓ ભીના થઈ ગયા હતા તો વળી કેટલાક પંથકોમાં તો બરફની વર્ષા થઈ હોય તેમ કરા પડયા હતા.

## ગાંધીનગર-કલોલ-માણસામાં કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતામાં

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં આજે મોડી સાંજે કમોસમી વરસાદના ઝાપટાને લઈ ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

આજે મોડી સાંજે ગાંધીનગર તાલુકાના પેથાપુર, રાંધેજા ઉપરાંત માણસા તાલુકામાં તેમજ કલોલ તાલુકાના નારદીપુર પંથકમાં હળવા વરસાદના ઝાપટા નોંધાયા હતા. ખંડીય વૃષ્ટિ જેવા આ કમોસમી વરસાદ પછી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે.

હાલ રવિ સીઝનની વાવણી ચાલી રહી છે તેથી ક્યાંક નવા વાવેતર કરાયેલ પાકના ઉગાવાને અસર થવાની ભીતિ છે. આ ઉપરાંત જે ખેતરોમાં કપાસનો પાક ઉભો છે તેમાં ભેજ આવે તેવી સંભાવનાઓ છે. જો કે આ કમોસમી વરસાદને પગલે જિલ્લાભરના ખેડૂતોમાં ચિંતાની લાગણીનુ મોજુ પ્રસરી જવા પામ્યુ છે.

## નિર્ભયા કેસમાં અક્ષયની અરજી પર ૧૭મીએ સુનાવણી

નવીદિલ્હી, તા. ૧૨

સમગ્ર દેશને હચમચાવી મુકનાર નિર્ભયા ગેંગરેપ અને મર્ડર કેસમાં એક દોષિત અક્ષયકુમાર સિંહની ફેરવિચારણા અરજી ઉપર સુપ્રીમ કોર્ટમાં ૧૭મી ડિસેમ્બરના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટની ત્રણ જજની બેંચ દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. નિર્ભયાના ચાર અપરાધીઓને ફાંસીની સજા ફટકારવામાં આવી હતી. અક્ષય દ્વારા પોતાની અરજીમાં કહેવામાં આવ્યું છે કે, પ્રદૂષણના કારણે પહેલાથી જ લોકોની લાઈફ ઘટી રહી છે. ફાંસી આપવાની જરૂર શું દેખાઈ રહી છે.

પોતાની અરજીમાં અક્ષય દ્વારા કહેવામાં આવ્યું છે કે, દિલ્હીની હવા અને પાણીમાં જીંદગી ઘટી રહી છે. આવી સ્થિતિમાં મોતની સજા માટેનું કારણ સમજાતુ નથી. ગાંધીજી હંમેશા કહેતા હતા કે, કોઈ નિર્ણય લેતા પહેલા સૌથી ગરીબ વ્યક્તિ અંગે વિચારણા કરવાની જરૂર છે. ચુકાદો કોને કઈ રીતે મદદ કરશે તે બાબત મહત્વપૂર્ણ છે.

## મહારાષ્ટ્રમાં વિભાગોની ફાળવણી

**એકનાથ શિંદેને ગૃહ, જયંત પાટીલને નાણાં મંત્રાલય અપાયું : શિવસેનાના ખાતામાં ગૃહ, શહેરી વિકાસ, પર્યાવરણ, પીડબ્લ્યુડી, સંસદીય કાર્ય મંત્રાલય આવ્યું**

ન્યુ દિલ્હી,તા.૧૨

મહારાષ્ટ્ર સરકારમાં મંત્રીમંડળ વચ્ચે વહેંચણી કરવામાં આવી છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે ગુરુવારના રોજ મંત્રીઓના વિભાગની ફાળવણી કરી દીધી હતી. શિવસેનાના ખાતામાં ગૃહ, શહેરી વિકાસ, પર્યાવરણ, પીડબ્લ્યુડી, સંસદીય કાર્ય મંત્રાલય આવ્યું છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સાથે શપથ લેનારા મંત્રીઓને આ મુજબના મંત્રાલય આપવામાં આવ્યા છે.

એકનાથ શિંદે (શિવસેના) : હોમ મિનિસ્ટ્રી, અર્બન ડેવલોપમેન્ટ, ફોરેસ્ટ, એન્વાયરમેન્ટ, વોટર સપ્લાય,પર્યટન, સાર્વજનિક ઉપક્રમ, સંસદીય કાર્ય અને પૂર્વ સૈનિક કલ્યાણ

સુભાષ દેસાઈ (શિવસેના): ઈન્ડસ્ટ્રી, હાયર એજ્યુકેશન, સ્પોર્ટ્સ એન્ડ યુથ ડેવલોપમેન્ટ, એગ્રીકલચર, ટ્રાન્સપોર્ટ, ફળોત્પાદન, રોજગારી ગેરંટી યોજના, મરાઠી યોજના

છગન ભૂજબળ (એનસીપી) : રૂરલ ડેવલોપમેન્ટ, જળ સંપદા અને લાભ ક્ષેત્ર વિકાસ, સોશિયલ જસ્ટિસ, વિશેષ સહાય, એક્સાઈઝ ડિપાર્ટમેન્ટ, સ્કિલ ડેવલોપમેન્ટ, એફડીએ

જયંત પાટીલ (એનસીપી) : ફાઈનાન્સ, હાઉસિંગ, પબ્લિક હેલ્થ, સહકાર અને પણન, નાગરિક અન્ન આપૂર્તિ, ગ્રાહક સંરક્ષણ, લેબર અને માઈનોરિટી ડેવલપમેન્ટ

બાળાસાહેબ થોરાટ (કોંગ્રેસ) : રેવેન્યુ, ઉર્જા, મેડિકલ એજ્યુકેશન,સ્કુલ એજ્યુકેશન, પશુ સંવર્ધન, ડેરી ડેવલોપમેન્ટ એન્ડ ફિશરીઝ

નીતિન રાઉત (કોંગ્રેસ) :ઁઉદ્ધ, ટ્રાઈબલ ડેવલોપમેન્ટ, મહિલા અને બાળકલ્યાણ, કાપડ ઉદ્યોગ, મદદ અને પુર્નવાસ

## ઉત્તર ભારતમાં ભારે હિમવર્ષા

**કેદારનાથ સહિતના વિસ્તારોમાં ચારેબાજુ બરફની ચાદર છવાઈ : ધુમ્મસના લીધે ઉત્તર ભારતમાં જનજીવન ઠપ્પ**



નવી દિલ્હી,તા. ૧૨

સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે. હિમાચલ, જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. કેદારનાથમાં પણ ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ઠંડીમાં હાલ કોઈ ફેરફાર થાય તેવી શક્યતા નહીંવત દેખાઈ રહી છે. બીજી બાજુ ધુમ્મસના પરિણામસ્વરૂપે ૫૨ ટ્રેનો મોડેથી દોડી રહી છે. કેટલીક ટ્રેનો રદ પણ કરવામાં આવી છે. જેના કારણે યાત્રીઓ અટવાઈ પડ્યા છે. પહાડી વિસ્તારોમાં હિમ વર્ષાના કારણે હાલત કફોડી બની ગઈ છે. ઉત્તરપ્રદેશ, બિહાર, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન સહિત સમગ્ર ઉત્તર ભારત કાતિલ ઠંડીના સકંજામાં આવી ગયુ છે. દિલ્હી-એનસીઆરના કેટલાક ભાગોમાં તો પારો એક ડિગ્રી કરતા પણ નીચે પહોંચી ગયો છે. મધ્યપ્રદેશ, છત્તિસગઢ, ઓરિસ્સા અને મહારાષ્ટ્રમાં પણ હાલત કફોડી બનેલી છે.

ફ્રી નેત્ર નિદાન કેમ્પ
તા.૧૩,૧૪,૧૫ ડિસેમ્બર
સવારે : ૯ થી ૨, સાંજે ૭ થી ૯
: કેમ્પ દરમ્યાન ઉપલબ્ધ સુવિધાઓ :
● મોતિયા, વેલ, ઝામર તથા પડદાના રોગોની સંપૂર્ણ તપાસ ફ્રી તથા રાહત દરે સારવાર
● અધતન માઈક્રો કોલ્ડ ફેકો (Abott, USA) દ્વારા મોતિયાના પ્રીમીયમ નેત્રમણી સાથે ઈન્જેકશન Less તથા Painless ઓપરેશન
● સરકાર માન્ય કાર્ડ તથા મેડીક્લેઈમ ધારકો માટે વિશેષ લાભ સાથે ઓપરેશનની સુવિધા
આપની તથા આપના પરિવારજનોની અમુલ્ય આંખોની તપાસ માટે આજે જ મુલાકાત લો.
દિશા આંખની હોસ્પિટલ
ડો. ભૌમિક રાવલ M.S.(Ophthal)
માઈક્રોફેકો તથા લેસીક સર્જરીના નિષ્ણાંત
વધુ માહિતી માટે સંપર્ક કરો : ૯૩૨૮૧ ૦૦૨૩૪
૩૦૪, ત્રીજો માળ, રાધે સ્કવેર, રીલાયન્સ ચાર રસ્તા, કુડાસણ, ગાંધીનગર.